| | |
|---|---|
| GJGS010001852026 | દાખલ તારીખ : ૦૯.૦૨.૨૦૨૬<br>નોંધ્યા તારીખ : ૦૯.૦૨.૨૦૨૬<br>નિર્ણય તારીખ : ૧૫.૦૪.૨૦૨૬<br>મુદત : વર્ષ–૦૦, માસ–૦૨, દિવસ–૦૬ |

================================================

**ગીર સોમનાથ જિલ્લાના મહે. સેશન્સ જજશ્રીની કોર્ટમાં,મુ. વેરાવળ**

================================================

**ફો. રી. અ. નં.૦૮/૨૦૨૬**
**આંક–**

**અજયભાઈ દિનેશભાઈ પરમાર**
ઉ. વ. આ. ૩૦, ધંધો. મજુરી,
રહે. કદવાર, ઠે. મેઈન રોડ,
તા.સુત્રાપાડા જી. ગીર સોમનાથ.

**.... અરજદાર**

**વિરૂધ્ધ**

૧. **હીનાબેન વા/ઓ અજયભાઈ પરમાર**
ઉ. વ. આ. ૨૫, (પત્ની)

૨. **નટુભાઈ નાથાભાઈ ચૌહાણ**
ઉ. વ. આ. ૫૫ (સસરા)

૩. **હંસાબેન નટુભાઈ ચૌહાણ**
ઉ. વ. આ. ૫૦ (સાસુ)

૪. **જયદિપ નટુભાઈ ચૌહાણ**
ઉ. વ. આ. ૩૦ (સાળા)

૫. **આરતી વા/ઓ અરવિંદ પરમાર**
ઉ. વ. આ. ૩૮ (પાટલા સાસુ)
રહે. બધા નાવદ્રા, ઠે. ઠાકોર મંદિર પાસે,
તા. સુત્રાપાડા જી. ગીર સોમનાથ.

૬. **શ્રી સરકાર**

**.... સામાવાળાઓ**

---

અરજદાર તરફે વિ. વ. શ્રી આર. ડી. મુછાળ
સામાવાળા નં. ૧,૨ અને ૪ તરફે વિ. વ. શ્રી આર. એ. કણસાગરા
સામાવાળા નં. ૩ અને ૫ તરફે કોઈ નહીં.
સામાવાળા નં. ૬ તરફે વિ. પી. પી. શ્રી કે. ડી. વાળા

---

**બી. એન. એસ. એસ. ની કલમ–૪૪૦ મુજબ રીવીઝન અરજી :**

**:: જજમેન્ટ ::**

(૧) આ કામના અરજદારે સુત્રાપાડાના વિ. જયુડી. મેજી. ફ. ક. શ્રીએ ફો. પ. અ.નં.૦૬/૨૦૨૬ ના કામે આંક–૦૧ ની અરજી નીચે તા.૩૦/૦૧/૨૦૨૬ ના રોજ કરેલ હુકમથી નારાજ થઈને હાલની રીવીઝન અરજી બી. એન. એસ. એસ. ની કલમ–૪૪૦ ના પ્રબંધો મુજબ દાખલ કરેલ છે.

(૧.૧) અરજદારની અરજીની વિગત એવી છે કે, અરજદારના લગ્ન સામાવાળાની પુત્રી હીનાબેન નટુભાઈ ચૌહાણ સાથે તા.૦૮/૦૪/૨૦૨૪ ના રોજ કડવાસણ મુકામે હિંદુ વીધી મુજબ લગ્ન થયેલા હતા. જેમાં સામાવાળાની પુત્રી હીનાબેન અરજદારના કાયદેસરના પત્ની થાય છે. તેઓના લગ્ન બાદ અરજદારની પત્ની હીનાબેન અરજદારની સાથે પત્ની તરીકે કદવાર મુકામે સંયુકત પરીવાર સાથે રહેવા આવેલ અને કદવાર મુકામે તેઓના લગ્ન હકકો ભોગવવા સંયુકત કુટુંબ સાથે રહેતા હતા. આ દરમ્યાન આ કામના સામાવાળા એટલે કે અરજદારના સસરા નટુભાઈ તથા સાસુ હંસાબેન એમની દીકરી આરતીબેન તથા સાળા જયદીપ ચૌહાણ પોતાના ઘરે નાવદ્રા મુકામે કામ હોવાથી ઘરે બોલાવેલ હતા. આથી અરજદારની પત્ની હીનાબેનને પોતાના માતા–પિતાના ઘરે ગયેલ હતી તેમજ અરજદારની પત્નીને બાળકનો જન્મ તા.૦૭/૦૧/૨૦૨૬ ના રોજ થયેલ હતો. આ અરસામાં એન કેન પ્રકારે સામાવાળાએ અરજદારની પત્નીને

ફોસલાવી, પટાવી, ધાક ધમકીઓ આપીને પોતાની સાથે જબરદસ્તીથી ત્યાં રોકેલા હતા અને ત્યાંથી અરજદારના ઘરે આવવા–જવાની ચોખ્ખી ના પાડી દીધેલ હતી તથા અરજદારના સંતાનને પણ તેઓને મળવા પણ નથી દેતા તથા અરજદારને જાણવા મળેલ છે કે, તેઓના પાટલા સાસુ આરતી જે લાડુણી મુકામે સાસરે હોય અને એમના દેર વિજય મનુભાઈ પરમાર લાડુણી મુકામે રહેતા હોય જેની સાથે અરજદારની પત્નીના લગ્ન કરાવી દેવા માગે છે. ત્યારબાદ અરજદાર પત્નીને તેડી લાવવા માટે સામાવાળાના રહેણાંકના ઘરે ગયેલા સામાવાળાને તેઓએ કહેલુ કે, મારી પત્ની હીનાબેન પરમારને અમો તેડવા માટે આવેલા, પરંતુ અરજદારની પત્નીને તેમની સાથે મોકલવાની ના પાડી દીધેલ અને પોતાના સગા વ્હાલાઓને બોલાવીને પોલીસમાં ખોટી અરજી કરેલી હતી તેમજ અરજદારને ધાક ધમકીઓ આપેલી હતી અને કહેલ કે અહીંથી તુ જતો રહે, બાકી તારા ટાંટીયા ભાંગી નાંખશુ તથા ખુબ ખરાબ ગાળો બોલેલા હતા. એ રીતે સામાવાળા તથા તેના સગા કુટુબીજનોએ અરજદારને ધાક ધમકીઓ આપી માનસીક અને શારીરીક ત્રાસ આપી અને ગેરકાયદેસર રીતે પોતાના અરજદારની પત્નીને તેના કબજામાં રાખેલ છે અને ત્યાં અરજદારની પત્ની હીનાબેનનુ જીવનુ જોખમ છે. અરજદારની પત્ની હીનાબેનને સામાવાળાએ પોતાના રહેણાંકના ઘરે એક રૂમમાં પુરી રાખેલ છે અને અરજદારની પત્નીને તેઓનો સંપર્ક કરવા દેવામાં આવતો નથી તથા મુલાકાત પણ થવા દેવામાં આવતી નથી. આ તમામ હકીકતો જણાવી અરજદારે દાદ માગેલ કે :–

(અ) અરજદારની પત્ની હીનાબેન કે જે સામાવાળાના કબજામાં છે તેનો કબજો અરજદારને નામ.કોર્ટને યોગ્ય લાગે તે શરતોએ સામાવાળા પાસેથી અપાવવા સામાવાળા વિરુધ્ધ સર્ચ વોરંટ જારી કરવા તેમજ

(બ) આ કામના સામાવાળા બળજબરી અને ધાક ધમકીથી અરજદારની પત્ની હીનાબેન પરમાર અન્ય જગ્યાએ લગ્ન કરાવી

દેવા માગતા હોય અને તેની લગ્ન તા.૩૦/૦૧/૨૦૨૬ હોય તે પહેલા આ લગ્ન રોકાવવા પણ તાકીદે હુકમ થવા અરજ ગુજારેલ છે. જે અરજી વિ. ટ્રાયલ કોર્ટ દ્વારા નામંજુર કરતા તે હુકમથી નારાજ થઇને હાલની આ રીવીઝન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદારની રીવીઝન રજીસ્ટરે લેવામાં આવેલ છે અને સામાવાળાઓને નોટીસ કાઢવામાં આવતા સામાવાળાઓને નોટીશ બજી જતા સામાવાળા નં. ૧,૨ અને ૪ તરફે વિ. વ. શ્રી આર. એ. કણસાગરા તથા સામાવાળા નં. ૫ તરફે વિ. પી.પી. શ્રી કે. ડી. વાળા હાજર થયેલ છે. જયારે સામાવાળા નં. ૩ અને ૫ તરફે કોઇ હાજર થયેલ નથી.

(૩) અરજદારની અરજી આજરોજ સુનાવણી માટે રાખવામાં આવેલ હતી, જે અરજીના કામે આજરોજ સવારમાં અરજદાર અને તેમના વિ. વ. શ્રી આ કોર્ટ સમક્ષ હાજર રહેલ હતા. ત્યારબાદ બપોરના ચાર વાગ્યા સુધી અરજદાર અને તેમના વિ. વ. શ્રીનો અનેક વખત પોકાર કરવા છતાં અરજદાર કે તેમના વિ. વ. શ્રી સુનાવણી માટે હાજર રહેલ નથી કે તેમના તરફે કોઇ રીપોર્ટ રજુ કરવામાં આવેલ નથી, જેથી અરજી મુજબ તેઓની દલીલોને ધ્યાને લેવામાં આવે તો તેમાં એવી હકીકત જણાવેલ છે કે, વિ. ટ્રાયલ કોર્ટ દ્વારા અરજદારની અરજી તળે કરવામાં આવેલ હુકમ કાયદાની હકીકતોને ધ્યાને લીધા વગર એકતરફી અને મનસ્વી હુકમ હોય, જેને રદ કરવો જોઇએ. વધુમા, અરજદારના પત્ની હીનાબેન પોતાના પિયરના ઘરે એટલે કે સામાવાળા પાસે હોવાનુ જણાય આવે છે તેમજ અરજદારના પત્ની તેમના માતા-પિતા સાથે રહેતી હોય ત્યારે અદાલત દ્વારા એવુ અનુમાન થઇ શકે નહી કે દિકરીના માતા-પિતાએ દિકરીને પોતાના ઘરમાં ગેરકાયદેસર રીતે ગોંધી રાખેલ હશે, તેમ માનવામા કાયદાની અને હકીકતની ગંભીર ભૂલ કરેલ છે. જેથી ટ્રાયલ કોર્ટનો હુકમ રદ કરીને હાલની રીવીઝન અરજી મંજુર કરવા અરજી કરેલ છે.

(૪) ઉપરોકત રજૂઆત સામે સામાવાળા નં. ૧,૨ અને ૪ તરફે તેમના વિ. વ. શ્રીએ એવી રજૂઆત કરેલ છે કે, આ કામના અરજદાર અને સામાવાળા ૧ અને ૨ વચ્ચે ઝઘડો થયેલ હોય, પરંતુ સામાવાળા નં. ૪ તથા રીનાબેન વચ્ચે કોઇ ઝઘડો થયેલ ન હોય કે કોઈ કંકાસ થયેલ ન હોય. આ કામના અરજદારને હીનાબેનના કેસના હીસાબે લગ્ન જીવનમાં તિરાડ પડેલ છે અને તે પહેલા તો રીનાબેન અને સામાવાળા નં. ૪ ફોન પર અવાર નવાર વાતો કરતા હતા, પરંતુ આ કામના અરજદારે બધો જ સંબંધ બગાડેલ છે. આ કામના સામાવાળાએ અરજદારની પત્નીને ગોંધી રાખેલ નથી અને અરજદારની પત્નીને અરજદાર સાથે જવુ હોય તો તેઓને રોકેલ નથી, પરંતુ પતિ-પત્ની વચ્ચે શારીરીક અને માનસીક દુ:ખત્રાસના લીધે અરજદારના પત્ની સામાવાળાના ઘરે રહે છે. આ સિવાય અરજદારના પત્નીને સામાવાળાઓએ ગોંધી રાખેલ નથી જેથી અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે. જયારે સામાવાળા નં. ૬ શ્રી સરકાર તરફે વિ. પી. પી. શ્રી કે. ડી. વાળાએ નામ. કોર્ટને લાગે તે હુકમ કરવામાં આવે તો વાંધો નથી, તેમ જાહેર કરેલ છે.

(૫) બન્ને પક્ષોની દલીલો સાંભળી છે તેમજ વાદગ્રસ્ત હુકમને વંચાણે લીધેલ છે તેમજ રેકર્ડ વંચાણે લીધેલ.

(૬) આ રીવીઝન અરજીનો ન્યાયીક નિર્ણય કરવા સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>--:: મુદ્દાઓ ::-</u>**

**૧.** શું સુત્રાપાડાના વિ. જયુડી. મેજી. ફ. ક. શ્રીએ ફો. પ. અ. નં.૦૬/૨૦૨૬ ના કામે આંક-૦૧ હેઠળ તા.૩૦/૦૧/૨૦૨૬ ના રોજ કરેલો વાદગ્રસ્ત હુકમ ગેરકાયદેસર, ગેરબંધારણીય અને કાયદાના પ્રસ્થાપિત થયેલા સિદ્ધાંતોથી વિરૂધ્ધનો હુકમ છે અને તેમાં આ અદાલતને હસ્તક્ષેપ કરવાપણું છે ?

**૨.** શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે :–

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**(૮)** ઉપરોકત નિર્ણયોના મારા કારણો નીચે મુજબ છે :–

**–:: કારણો ::–**

**મુદ્દા નં. ૧ તથા ૨ :–**

**(૯)** કેસના ગુણદોષ પર ચર્ચા કરતાં પૂર્વે એ હકીકત નોંધવી જરૂરી છે કે, આ રિવિઝન અરજી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની જોગવાઈઓ હેઠળ દાખલ કરવામાં આવી છે. આ કોર્ટને રિવિઝન અરજી સાંભળવાનો અધિકાર કલમ ૪૩૮ સાથે કલમ ૪૩૯ અને ૪૪૦ દ્વારા આપવામાં આવ્યો છે, જેમાં રિવિઝનલ કોર્ટની સ્થાનિક અધિકારક્ષેત્રમાં આવેલ નીચલી અદાલત સમક્ષ ચાલી રહેલી કોઈપણ કાર્યવાહીનો રેકોર્ડ મંગાવી તેની તપાસ કરવાની જોગવાઈ છે, જેથી તે કોઈપણ નોંધાયેલ કે પસાર કરાયેલ તારણ, સજા અથવા આદેશની સચ્ચાઇ, કાયદેસરતા અથવા યોગ્યતા તથા તેવી કાર્યવાહીની નિયમિતતા અંગે સંતોષ મેળવી શકે. કાયદાકીય સિદ્ધાંત મુજબ, આ જોગવાઈઓ હેઠળ આપવામાં આવેલ રિવિઝનલ અધિકારનો ઉપયોગ અત્યંત સંયમપૂર્વક અને માત્ર અસાધારણ પરિસ્થિતિઓમાં જ કરવો જોઈએ, જ્યાં કાર્યવાહી દરમિયાન સ્પષ્ટ ખામી હોય અથવા કાયદાના મુદ્દે ગંભીર ભૂલ હોય અને જેના પરિણામે ન્યાયનો ભંગ થયો હોય.

**(૧૦)** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૪૩૮ સાથે વાંચવામાં આવેલી કલમ ૪૩૯ અને ૪૪૦ મુજબ, કોર્ટને રિવિઝન અરજીમાં કોઈપણ કેસમાં હસ્તક્ષેપ કરવાનો વિવેકાધિકાર આપવામાં

આવ્યો છે, જેથી તે આદેશ સાચો, કાયદેસર અને યોગ્ય છે કે કેમ તે તપાસી શકે. કોઈ પણ અયોગ્ય તારણને રિવિઝનલ કોર્ટ દ્ધારા હંમેશા સુધારી શકાય છે. પરંતુ જ્યાં સુધી ગેરકાયદેસરતા, ભ્રામકતા અથવા વિકૃતિ સફળતાપૂર્વક દર્શાવવામાં ન આવે, ત્યાં સુધી કોર્ટને જે આદેશ સામે રિવિઝન માંગવામાં આવે છે તેમાં હસ્તક્ષેપ કરવામાં સંયમ રાખવો જોઈએ.

(૧૧) ઉભયપક્ષની ઉપરોકત દલીલો તથા વાદગ્રસ્ત હુકમ તથા ટ્રાયલ કોર્ટનું રેકર્ડ વંચાણે લેતા, અરજદાર તરફે કરવામાં આવેલી અરજીને ધ્યાને લેતા અરજદાર દ્ધારા વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ પોતાની પત્ની સામાવાળાના કબજામાં હોય, સર્ચ વોરંટ જારી કરી પોતાની પત્નીનો કબજો અરજદારને અપાવવા અરજ ગુજારેલ છે. આ કામે રેકર્ડ ઉપરની હકીકત જોવામાં આવે તો અરજદારના પત્ની હીનાબેન પોતાના પીયરના ઘરે એટલે કે સામાવાળા પાસે હોવાનુ હાલની રીવીઝન અરજીના કામે રજૂ કરેલ આંક–૧૧ ના વાંધા જવાબ ઉપરથી જણાય આવે છે તેમજ અરજદારના પત્ની પોતાના પીયરમાં માતા–પિતાની સાથે રહેતી હોય ત્યારે અદાલત દ્રારા એવુ અનુમાન થઈ શકે નહી કે દીકરીના માતા–પિતાએ દીકરીને પોતાના ઘરમાં ગેરકાયદેસર રીતે ગોંધી રાખેલ હશે અને જયારે ખુદ અરજદારના પત્ની એટલે કે આ કામના સામાવાળા નં. (૧) દ્ધારા હાલની રીવીઝન અરજીના કામે આંક–૧૧ થી રજૂ કરેલ વાંધા જવાબમાં તેઓને સામાવાળાએ ગોંધી રાખેલ નથી અને અરજદાર સાથે જવુ નથી, તેમ જાહેર કરેલ છે, ત્યારે સામાવાળાઓએ અરજદારની પત્નીને ગોંધી રાખી છે, તેવુ માની શકાય નહીં. વધુમા આ કામના અરજદાર દ્ધારા પોતાની અરજીમાં જે આક્ષેપો કરવામાં આવેલા છે, તે આક્ષેપોને પુરવાર કરવા સારૂ કોઇ જ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી, જેથી વિ. ટ્રાયલ કોર્ટે બી. એન. એસ. એસ. એકટની કલમ–૧૦૦ અને ૧૦૧ અન્વયેનો કોઇ પ્રથમદર્શનીય ગુનો બનતો ન હોવાનુ માનીને અરજદારની અરજી નામંજુર કરેલ છે, તે હુકમ યોગ્ય અને વાજબી હોય, તેમાં આ અદાલતને કોઇ હસ્તક્ષેપ કરવાપણું

રહેતુ ન હોય, મુદા નં. (૧) નો નિર્ણય તે રીતે **નકારમાં** આપી, મુદા નં. (૨) પરત્વે ન્યાયના વિશાળ હીતમા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

(૧) આ કામના અરજદાર **અજયભાઈ દિનેશભાઈ પરમાર**ની હાલની બી. એન. એસ. એસ. ની કલમ–૪૪૦ મુજબની રીવીઝન અરજી આથી **નામંજૂર** કરવામાં આવે છે.

(૨) સુત્રાપાડાના વિ. જયુડી. મેજી. ફ. ક. શ્રીએ ફો. પ. અ. નં.૦૬/૨૦૨૬ ના કામે આંક–૦૧ ની અરજી નીચે તા.૩૦/૦૧/૨૦૨૬ ના રોજ કરેલ હુકમ આથી **કાયમ** રાખવામાં આવે છે.

(૩) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(૪) આ હુકમની એક નકલ સાથે વિ. ટ્રાયલ કોર્ટનું રેકર્ડ તાત્કાલીક મોકલી આપવુ.

આજરોજ આ હુકમ તા.૧૫મી, માહે–એપ્રિલ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૫/૦૪/૨૦૨૬
સ્થળ : વેરાવળ.

**(વિક્રમસિંહ બી. ગોહિલ)**
સત્ર ન્યાયાધિશ
ગીર સોમનાથ, વેરાવળ
**કોડ નં. જીજે૦૧૦૪૨**